# સ્વજનને

# બાપુજીની છત્રી

જ્યારે જ્યારે ખાબકે છે વરસાદ
બાપુજીની છત્રી
આવે યાદ.

ત્યારે માળિયામાં ચડું
જૂની છત્રી કાઢું.

જ્યાં ખોલું છત્રી
જાણે એક અકબંધ આકાશ ખૂલતું
અજવાળા સામે ધરું છત્રી
જીર્ણ છત્રીનાં અનેક નાનાં કાણાંમાંથી
અજવાળાનો જાણે ધોધ વરસે.

વરસાદમાં જ્યાં નીકળું બહાર
છિદ્રાળી છત્રીમાંથી
મજાનું વહાલ વરસાવે વાછટ.

જાણે એકસામટા બધાય પૂર્વજો વરસી પડે
અને બાપુજી તો હાજરાહજૂર.

ખાદીની સફેદ ધોતી, પહેરણ
માથે ગાંધીટોપી
ઉપર કાળી છત્રી.
બાપુજી ચાલતાં
આખેઆખો રસ્તો એમની સાથે
વટભેર ચાલતો.

એ દશ્ય કેમ ભુલાય?
બા બાપુજીને જોયેલા સાવ નજીક
માત્ર આ છત્રીમાં.
બાના મોં પર શરમના શેરડા ને
બાપુજીનું મંદ મંદ હાસ્ય જોઈ જાણે
પડતો અઢળક વરસાદ.

જ્યારે જ્યારે
ઘનઘોર વાદળો ઊમટે
ભયંકર વીજળી ત્રાટકે
મસમોટું વાવાઝોડું ફૂંકાય
સાથે રાખું છું
બાપુજીની એ જીર્ણ છત્રી.
એ મને સાચવે છે
જેમ બા-બાપુજી સાચવતાં મને.

ઘણી વાર અંધારી રાતે
ટમટમતા તારા ભરેલા આકાશને જ્યારે જોઉં
લાગે કે બાપુજીની એ જ એ
કાળી છત્રી.

એ માળિયું, એ છત્રી, એ આકાશ, નક્ષત્રો,
એનો એ જ વરસાદ
બધુંય જાણે ધબકે છે
બાપુજીની એ જૂની પુરાણી
એકમાત્ર આ છત્રી થકી.

## બાને

બા આજે તું છે અઠ્યાસીની
અને હું પહોંચ્યો છું એકાવનમે.
તારામાં જાણે મારું બાળપણ પ્રવેશ્યું છે
અને મારામાં થોડી ગંભીરતા આવી લાગે છે.

આજકાલ તું ખૂબ ક્રિએટિવ બની ગઈ છે.
હમણાં હમણાં તારી ટેકણલાકડીને
તું પાણી પિવડાવે છે.
તુલસીના છોડની જગ્યાએ
પ્લાસ્ટિકના છોડને પાણી પાય છે.
તને બબડતી સાંભળું છું :
'આ બિચારો વધ્યો જ નહીં!'

તે દિવસ તો કેમ ભુલાય?
તેં તારા મંદિરની ભગવાનની બધીય છબીઓ અને મૂર્તિઓને
થેલીમાં મૂકી બે દિવસ ઊંચે ટીંગાડી દીધેલી.
તું બોલતી'તી : 'બહુ થકવી તેં મને, હવે તારી વલે, તનેય ખબર પડશે'.

બા, અમે તો તને ક્યારેય થાકેલી જોઈ ન હતી.
પણ આ ઉંમરેય મને થાક લાગે છે.

બા, હવે
તારા ધોળા વાળમાં કાળી ઝાંય વર્તાય છે.
અને મારા કાળા વાળમાં સફેદ વાળનો જથ્થો વધતો જાય છે.
તું હવે તારી વહુને બા કહી બોલાવે છે.
તેણે તારો પાઠ ઠીક ઠીક ભજવવાનો શરૂ કર્યો છે.
તું હવે મારામાં ક્યારેક બાપુજી ભાળે છે.

બા, હવે લાગે છે
તું માત્ર મારી બા નથી
પિત્તળના નાનકડા કનૈયાથી માંડી તારી લાંબી ટેકણલાકડીની
તું બા છે.
દરેક પદાર્થ તારે મન પ્રસાદ છે.

બા, આજે તું થઈ અઠ્યાસીની
અને હું એકાવનનો,
ત્યારે, એક ન ઉકેલી શકાય એવું હાલરડું સંભળાય છે
ધીમું ધીમું.

મારે તને એનો અર્થ પૂછવો છે.
પણ તું તો હવે શબ્દ અને અર્થને અતિક્રમી ગઈ છે.

## ટપક ટપક

એક છેડેથી બીજે છેડે
કપડાં સૂકવવાની દોરી
બાંધેલી છે.

સુકાતાં
કપડાંમાંથી
ગઈકાલનો સ્પર્શ ટપકે
ટપક... ટપક...

વહી ગયેલા સમયમાંથી
સ્મૃતિ ટપકે
ટપક... ટપક...

બાપુજીનાં કપડાંની બાદબાકીથી
કપડાં સૂકવતી માની આંખમાંથી
ભીની એકલતા ટપકે
ટપક... ટપક...

ક્યારેક કપડાં સુકાતાં ન હોય ત્યારે
ખાલી દોરી પર પંખી બેસે
અને મનમાં શૈશવ ટપકે
ટપક... ટપક...

ક્યારેક લંબાયેલા હાથને
ન મળે કશો આધાર અને,
ધીરે ધીરે બધીય હસ્તરેખા ટપકે
ટપક... ટપક...

દોરી પર જે કપડાં સુકાય છે
તેમાં સચવાયેલો ભેજ
અમને બાથ ભરી
ટપકે છે સતત
ટપક... ટપક...

# બાવનમી વર્ષગાંઠે

બા, બિલાડી અને બારી
ત્રણેય ઊભાં છે
ઘડિયાળની બહાર.

બાએ સમય જોયો નહોતો કદી
તડકો, છાંયડો અને આભ
બસ હતાં એના માટે.

બિલાડી તો
આવતી – જતી ક્ષણોની જેમ
વેળા – કવેળાએ પ્રવેશતી,
વહાલ કરી ચાલી જતી.
માત્ર રહી ગયો એનો સ્પર્શ
હરતો–ફરતો આખેઆખા પંડમાં.

બારી,
બતાવવા મથતી
રાત–દિવસ
ભર્યો ભર્યો અવકાશ.

હવે,
ભીંતે લટકતી છબીમાં બાનો મલકાટ,
ઘરમાં ચૂપચાપ પ્રવેશતી બિલાડીનો રવ,
ઘરને ‘ઘર’ બનાવતી બારીનો સદા જીવતો વાસ,
ત્રણેય રહ્યાં છે
એવા ને એવા જ અકબંધ.
બાવનમી વર્ષગાંઠે પણ.

# બા

સમી સાંજે બામાં
રાહ જોવાનો સૂર્યોદય થતો.

બાપુજીની દવાઓમાં
અને અમારાં દફ્તરોમાં એની
સવાર પડતી.

દિવસભર
બટન ટાંકતાં ટાંકતાં
પોતાનું એકાંત ટાંકતી.

બાપુજીના ઝભ્ભાને
કે પછી સાલ્લાને
થીંગડું મારતાં મારતાં
સમયને સાંધી,
અકબંધ રાખતી.

જ્યારે એણે છેલ્લો શ્વાસ મૂકેલો
જીવનમાં પહેલી વાર અમે
સૂર્યાસ્ત ભાળેલો!

# બિલાડી

એ આવતી
એટલી વાર વસંતનો
અનુભવ કરાવતી.

અજવાળાની જેમ,
અંધારાની જેમ,
ગમે ત્યારે, ગમે ત્યાંથી પ્રવેશતી.

પહેલી વાર પ્રવેશેલી ત્યારથી,
આજ સુધી,
ખસી જ નથી
હવે એ ન આવતી હોવા છતાં.

સાંજ પડે
થાક અને ગમગીનીના ગૂંચળાને
રમાડી રમાડી
એ
સૂરજ, ચાંદો બનાવી દેતી.

બા, બાપુજી ગયાં.
એની પેઢીઓય આવી ને ગઈ.
છતાં રહી ગઈ છે એ પંડમાં,
એનો શ્વેત સ્પર્શ પાથરીને.

હવે ઘરમાં પ્રવેશતાં જ
એક બિલાડી જીવતી થઈ જાય છે.

# બારી

બારી
છાતી તાણી
ઊભી છે રાત–દિવસ
ટાઢ, તડકો, જરૂર મુજબ ઘરમાં સેરવતી.

ભીંતે જડેલી છે,
તોય જાણે લાગે
હરતી ફરતી એ અગાશી
પવન, પંખી કે વા – વંટોળને
કોઈને પૂછ્યા વગર આવકારતી.

અને
અંદરના અંધારાને
નિત નિત નવી આંખો આપતી.
બારી છે તો
બહાર ઘર જેવું લાગે છે
ને અંદર
આકાશ જેવું.

એક તરફથી અદ્દલ બા જેવી
તો બીજી તરફથી જાણે બિલાડીની માફક
રાહ જોતી ધ્યાનસ્થ ઊભી છે એ
સમયનાં કૂંડાળાંની બહાર.

બારી,
બહારથી કે અંદરથી રહે છે,
માત્ર એક બારી.

# બા અને અજવાળું

બા દિવાળીમાં દીવડા કરતી ત્યારે
અમે બાળકો એની આસપાસ દોડાદોડ કરતાં.
દીવાની જ્યોતની આસપાસ ફરતાં ફૂદાંની જેમસ્તો.

હવે બા નથી.
પણ કોઈ સૂર્યની આસપાસ
ઘૂમરાતા ગ્રહ–નક્ષત્રની જેમ
ઘૂમરાયા કરે છે સતત કશુંક સ્મૃતિરૂપે.

માટીમાંથી બનેલું કોડિયું
માટીમાંથી નીકળેલા તેલથી ભરેલું છે
માટીમાંથી ઊગેલા કપાસના ફૂલમાંથી બનેલી દિવેટને
લાગે છે અજવાળું.
ઘડીક પછી
તેલ દિવેટ, અજવાળું ને સઘળું અંધારું.
છે માત્ર માટી, કોડિયું અને દીવો કરતી બા.

સૂર્યાસ્ત પછી
કાગમાગડીમાં તેલ પૂરવા નીકળેલા બાળકોથી
આખું ગામ ગુંજતું.
એના અજવાળે અજવાળે
ચાલી આવતી દિવાળી.

હવે, દિવાળી આવે છે ને જાય છે,
માત્ર એક બાળક કાગમાગડીની મશાલ[1] લઈ ઊભો છે
ઘર સામે, મનની ગલીઓમાં
કોઈને ખબર નથી.

એ રાહ જુએ છે, ક્યારે કોઈ આવી
આ મશાલ હોલવાય એ પહેલાં
તેલ પૂરે!

---

1 *દિવાળીની રાત્રે ઘરમાંથી કંકાસ કાઢવા સળગાવાતો કાકડો–મશાલ, પ્રાદેશિક નામ*

## માટલું લો

“કોઈ માટલું લો રે ભાઈ, માટલું
પાકું પાકું માટલું લો”
માટલાં વેચતો એક ફેરિયો
ભરબપોરે સૂના રસ્તા પર
માટલું ખખડાવતો, બૂમો પાડતો,
જતો હતો.

અચાનક ઘર પાસે ઊભો રહ્યો
અને બૂમ પાડી :
“તરસ લાગી છે
થોડું પાણી આપો ને.”

ઘરના અંધારામાં ખાટલાવશ વૃદ્ધ બા
અને ઘર બહાર તડકામાં ઊભેલો તરસ્યો માટલાવાળો
બન્નેને ઘડીભર હું જોઈ રહ્યો.

એની લારીમાં ખડકાયેલાં
બપોરના તાપમાં ચળકતાં માટલાં જોતાં જોતાં
અચાનક મને એ બધાંય અસલ માના ચહેરા જેવાં લાગ્યાં.

એ દિવસે નહોતું લેવું તોય
એક માટલું લીધું.
એનું ઠંડું પાણી જ્યારે બાને પિવડાવ્યું
પહેલા વરસાદથી ધરતી આખી હસી ઊઠે એમ
બાનું બોખું મોં મલકી ઊઠ્યું!

ત્યારથી જ્યારે જ્યારે
પાણી ભરેલું ઝમતું માટલું જોઉં છું
એમાં બાનો પ્રસન્ન ચહેરો દેખાય છે.

# માટલું

માટલું પડ્યું પડ્યું જોયા કરે છે
ઍક્વાગાર્ડ, ફ્રિજ, કિચન,
પ્લૅટફૉર્મ પરની પ્લાસ્ટિકની બૉટલ
અને થરમૉસ
માટલું મીટ માંડીને જાણે બેઠું છે
બાની જેમ!

●

બાપુજીની ચિતા પત્યે
પાણી ભરેલી માટલી ફોડી
પાછળ જોયા વગર જ ઘેર પાછો ફરેલો.
ફૂટેલી માટલીનું પાણી એમને પહોંચ્યું હશે કે કેમ?
એ ચિંતાએ
સ્મશાન કદી જતું નથી મારામાંથી.

●

બાના મર્યા પછી મહિને
પાણી ભરીને માટલી મંદિરે મૂકેલી.
પછી એ માટલીમાંથી કોણે પાણી પીધું હશે?
કયા પંખીએ પીને ટહુકો કર્યો હશે? કયું ગીત ગાયું હશે?
જેટલી વાર માટલામાંથી પાણી પીઉં છું એટલી વાર
એ વાત યાદ આવે છે.

વર્ષો વીત્યાં
બાની પાછળ મૂકેલી માટલીનું પાણી
જાણે ખાલી થયું નથી!

●

એકવાર ટકોરા મારી ખાતરી કરી
બા માટલું લાવેલી.
પૂજા કરી પાણિયારે મૂકેલું
અને પહેલી વાર પાણી ભરેલું
ત્યારે આખેઆખો પહેલો વરસાદ પીધેલો.
હવે ન ટકોરો રહ્યો ન એ સ્વાદ રહ્યો
પણ એ ઝુરાપામાં ઝમતી
રહી છે એક માટલી.

●

એક માટલું તૂટ્યું.
કોઈ ફૂટપાથ પરના ચૂલાની
કલાડી બનીને રાજ કરવા લાગ્યું.
કલાડી તૂટી ને
છોકરાઓની રમતની વસ્તુ બની ગઈ.
એ પછી મેલ કાઢવાની ઠીકરી બની
ને છેવટે કોઈ બાળકના હાથે
દીવાલ પર લીટી બનીને અદશ્ય થતી ગઈ
અદ્દલ બાની જેમ.

●

માટલું ભરાય, ખાલી થાય.
બુઝારાની જગાએ મૂકેલી નાનકી વાટકી
યાચક બનીને પાણી પીતાં બધાંને
કરુણાથી જોયા કરે અને
અંકે કરે બધાંનો સંતોષ.
માટલું સાવ જ નજીક છતાં ખાલી.
આખો વખત આકાશ પીધા કરે
વાટકી કદીય ખાલી થઈ નથી.

માટલું એ જોઈ
નિતનવું માટલું બનતું રહે.

●

માટલું મસ્તીથી માટી જોડે
રહે રમમાણ.
પાણી, આકાશ એનાં સદાનાં સાથી
પવન એનું પાણી પીએ ત્યારે એને
ટાઢકનો ઉમળકો થાય.

પાણી ભરાવાનો અને ખાલી થવાનો અવાજ
એને હંમેશાં જાગતું રાખે.
મૌનનો મહિમા કરતું એ ચૂપચાપ બેસી રહે
જાણે બેઠું હોય કાળ કાંઠે.

•

માટલું કદીય ખાલી થતું નથી
એ જેમ જેમ ખાલી થાય છે.
એમ એમ ભરાય છે
અજ્ઞાત અવકાશથી
અને
જેમ જેમ ભરાય છે
એમ એમ ખાલી થાય
એની અંદરનો અંધકાર.

•

જળ ને માટી બન્ને છે
માટલાની ડાબી ને જમણી આંખો.
સતત નીરખે
ખાલી થવું ને ભરાવું
અને છતાં
હંમેશાં ભર્યાભર્યા રહેવું.
સૌને માટે.

•

માટલું ડૂબેલું હોય છે જળમાં
અને જળ ડૂબેલું હોય છે માટલામાં
માથે, કેડે, પાણિયારે કે પરબે
જાણે એ રહેતું હોય સદા
કોઈક અજાણ્યા નિભાડામાં!

•

માટલું ઘણી વાર મમળાવે છે
માટીનું ગૂંદાવું
ચાકડા પરનું ઘૂમરાવું
નિભાડે તપવું
પછી ટકોરાબંધ થઈને
નીકળી પડવું
કોઈ ઘરે, કોઈક પરબે
અને પછી તૂટી જવું
ફરી ફરીને બનવા
વધુ ટકોરાબંધ, એક માટલું.

•

માટલું ભલે માટીનું રહ્યું
પણ મેલું નથી
ટીપાઈ ટીપાઈને સ્થિર થાય છે
તપી તપીને ઠંડું થાય છે
ને રાહ જોઈને જોઈને
સભર થાય છે
એટલે એ
ન રહે ત્યારે પણ રહે છે.

•